# યુનાઈટેડ સ્ટેટ્સ-ઈન્ડિયા એજ્યુકેશનલ ફાઉન્ડેશન (USIEF) ફેલોશિપની જાહેરાત

માર્ચ 06, 2024

યુનાઈટેડ સ્ટેટ્સ-ઈન્ડિયા એજ્યુકેશનલ ફાઉન્ડેશન (USIEF) એ ભારતીય નાગરિકો માટે ફુલબ્રાઈટ-નેહરુ અને અન્ય ફુલબ્રાઈટ ફેલોશિપ માટેની વાર્ષિક સ્પર્ધા શરૂ કરવાની જાહેરાત કરી છે.

વિદેશ મંત્રાલય, ભારત સરકાર અને યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ સ્ટેટ દ્વારા ભંડોળ પૂરું પાડવામાં આવેલ, આવા વિનિમયથી ભારત અને યુનાઇટેડ સ્ટેટ્સના લોકોને તકો દ્વારા નજીક લાવવામાં મદદ મળી છે જે ફેલો - અભ્યાસુની શૈક્ષણિક, સંશોધન, શિક્ષણ આપવાની અને વ્યાવસાયિક ક્ષમતાને સમૃદ્ધ બનાવે છે.

ઉત્કૃષ્ટ ભારતીય વિદ્યાર્થીઓ, શિક્ષણવિદો, શિક્ષકો, નીતિ નિર્માતાઓ, વહીવટકર્તાઓ અને વ્યાવસાયિકોને અરજી કરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે.

USIEF હવે શૈક્ષણિક વર્ષ 2025-26 માટે ભારતીય નાગરિકો પાસેથી અરજીઓ સ્વીકારી રહ્યું છે. વધુ વિગતો માટે, www.usief.org.in પર જઈને જુઓ. અરજદારો ip@usief.org.in પર પોતાના પ્રશ્નો મોકલી શકે છે અથવા નવી દિલ્હી, ચેન્નાઈ, હૈદરાબાદ, કોલકાતા અથવા મુંબઈમાં USIEF ઓફિસનો સંપર્ક કરી શકે છે.

**નવી દિલ્હી**

**06 માર્ચ, 2024**